Re-Accredited by NAAC with 'A' Grade
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા તમામ અનુસ્નાતક વિભાગનાં વડાશ્રીઓ તથા યુનિવર્સિટી પરીસર ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગો અને સંલગ્ન કોલેજોના વિવિધ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ફી અંગે કોરોના મહામારીથી ઉદ્ભવેલ પરિસ્થિતિ સંદર્ભે નિયત ફીમાં ઘટાડો કરવા અંગે માનનીય ઈ.ચા.કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને તા.૨૪–૧૧–૨૦૨૦ના રોજ યુનિ.સંલગ્ન કોલજોના આચાર્યશ્રીઓ સાથે આયોજીત ઓનલાઈન મીટીંગમાં નકકી થયા મુજબ આચાર્યશ્રીઓની સમિતિની નિયુકિત કરી સંસ્થાઓના મેનેજમેન્ટ અને વિદ્યાર્થી પ્રતિનિધિઓ સાથે ચર્ચા–વિચારણા કરી અહેવાલ રજુ કરવાના સૂચન અંતર્ગત માનનીય ઈ.ચા.કુલપતિશ્રી દ્વારા નિયુકત સમિતિના તા.૦૧–૧૨–૨૦૨૦ના અહેવાલ પર વિચારણા કરતા સિન્ડિકેટ તા.૮/૧૨/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંકઃ૫૧ થી કરેલ નિર્ણય સંબંધિત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના અધ્યાપકશ્રીઓ તથા વીએનએસજીયુ શૈક્ષિક સંઘ તરફથી વિવિધ રજુઆતો કરેલ હતી. જે સંદર્ભે અધ્યાપકશ્રીઓના વિવિધ સંગઠનો દ્વારા વિદ્યાર્થી, શિક્ષક અને સંસ્થાના હિતમાં નિર્ણય લેવા બાબતે કરેલ વિનંતી સંદર્ભે કોરોના મહામારીથી ઉદ્ભવેલ અસામાન્ય પરિસ્થિતિ અન્વયે સિન્ડિકેટ તા.૦૮/૧૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ ૫૧ માં મુદ્દા નં.૨ અને ૪ યથાવત રાખી સિન્ડિકેટ તા.૨૩/૧૨/૨૦૨૦ની બાબત ક્રમાંકઃ૦૨ થી નીચે મુજબ સુધારો કરી માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજો માટે સુધારો કરી નીચે મુજબ ફીમાં ઘટાડો કરવાનું ઠરાવવામાં આવતાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૦૨૧ દરમ્યાન નીચે મુજબના માળખા મુજબ ની ફી નો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજો/ અભ્યાસક્રમોની શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ની વિદ્યાર્થી દીઠ એફીલીયેશન ફીમાં ૧૦૦% ની માફી આપવી. કોલેજોએ બીજી ટર્મમાં વિદ્યાર્થીઓ પાસે થી આ રકમ કુલ ફી માંથી ઓછી લેવાની રહેશે અને તેની યુનિવર્સિટીમાં આધાર પુરાવા રજૂ કર્યેથી યુનિવર્સિટી દ્વારા આગામી વર્ષમાં મજરે આપવામાં આવશે.

(૨) સિન્ડિકેટના નિર્ણયને અનુસંધાને અપાયેલ રાહત બાદ સંસ્થાએ લેવાની થતી ફી.

| No. | Head of Fee | સંસ્થાએ વિદ્યાર્થીઓ પાસેથી લેવાની થતી ફી |
|---|---|---|
| 1. | University Development Fee | 00 |
| 2. | University Sports & Cultural Activity Fee | 00 |
| 3. | University Sport Complex Fee | 00 |
| 4. | Student Welfare Activity Fee | 150/- |
| 5. | Student Union Fee | 00 |
| 6. | Campus Development Fee | 00 |
| 7. | Internal Examination Fee | 75/- |
| 8. | Amenities Fee | 200/- |
| | Total | 425/- |

(૩) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના સ્વનિર્ભર અભ્યાસક્રમો અને યુનિવર્સિટી પરીસર ખાતેના તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ટયૂશન ફીમાં ૨૦% ને બદલે ૧૨ % ની રાહત આપવી.

(૪) જે અભ્યાસક્રમોમાં હાયર પેમેન્ટ સીટ હોય તેવા અભ્યાસક્રમોમાં (Part-1 & 2 સહિત) હાયર પેમેન્ટ ફીમાં ૨૫% ઘટાડો કરવો.

(૫) જે અભ્યાસક્રમની ફી રાજય સરકારશ્રીની FRC નકકી કરે છે તેને ઉપરોકત નિર્ણયો લાગુ પડશે નહી.

વધુમાં જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ ના પ્રથમ સત્ર દરમ્યાન જો ફી લેવાઈ ગઈ હોય તો ઉપરોકત ઠરાવ અન્વયે ગણતરી કરી તફાવતની રકમ દ્વિતીય સત્ર દરમ્યાન સરભર કરવી.

ક્રમાંકઃ એકે/યુ.જી.પી.જી/ફી/પરિપત્ર/૯૦૬/૨૦૨૧
તા. ૧૫/૦૧/૨૦૨૧

ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,

૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડાશ્રીઓ તથા યુનિવર્સિટી પરીસર ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડિનેટરશ્રીઓ તરફ જાણ તથા અમલ કરવા સારૂ.

૨. ઈ.ચા. મુખ્ય હિસાબી અધીકારીશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.

૩. ઈ.ચા.નાયબ કુલસચિવશ્રી, સિન્ડિકેટ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.

૪. મદદનીશ કુલસચિવશ્રી, પી.જી. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.